
## આપની આજ

**નરેન્દ્ર શાહ**
**(મો. : ૯૮૨૫૭ ૪૨૧૨૬)**

**આજે રાશિ તુલા**

**આજના ગ્રહોની કુંડળી**




**ચંદ્ર માંગલ્ય યોગ આજે છે.**
**આજે કાલ-સર્પ યોગ છે.**
**ગુરુ-રાહુની યુતિ ચાંડાલ યોગ કરે છે.**

**મેષ** દસમે સૂર્ય અને સાતમે માંગલ્ય યોગ તમારા નોકરી વ્યવસાયમાં પ્રગતિ અને ઉન્નતિ કરાવશે - અણધારી બઢતી મળશે.

**વૃષભ** આઠમા સ્થાનમાં બુદ્ધ-શુક્રની યુતિ લાંબા સમયના લેણાં નાણાં પરત અપાવે. આનંદમાં દિવસ પસાર થાય. આનંદના સમાચાર મળે. સંતાનોથી સુખ.

**મિથુન** ત્રીજે રાહુ-વક્રી ગુરુ - ભાઈબહેનો સાથેના સંબંધો બગાડે, ધીરજ રાખવી સહન કરવું, કાયમી સંબંધો બગડે નહીં તેનું ધ્યાન રાખવાની સલાહ છે.

**કર્ક** આઠમે રાહુની દષ્ટિથી પડવા - વાગવા - દાઝવા - અકસ્માતના યોગ કરે છે. સાચવવું જરુરી છે. બને તો વાહનથી દૂર રહેવું.

**સિંહ** રાશિમાં રાહુ તેમજ ચોથે શનિ તમોને હાલમાં પ્રતિકૂળ સંજોગો સાથે લડવા સુસજ્જ થવા સૂચવે છે. આધ્યાત્મિક શક્તિઓ દ્વારા જ તમો સામનો કરી શકશો.

**કન્યા** બારમે રાહુ તમોને ખોટાં રોકાણો કરાવે. શેર-સટ્ટા-જુગારની બદીથી દૂર રહેવું નહીં તો નુકશાન-ખોટના ખાડામાં ઉતરી જશો.

**તુલા** રાશિમાં ચંદ્ર-માંગલ્ય યોગ તમારા ક્રોધ-ગુસ્સાને કાબૂમાં રાખશે ને તમારો દિવસ આનંદમાં પસાર થશે.

**વૃશ્ચિક** રાશિમાં શનિને બીજે શુક્ર-બુધની યુતિ તેમજ દસમે રાહુ-ગુરુની યુતિ તમોને નુકસાનના ખાડામાં ના ઉતારે તેનું ધ્યાન રાખવું - ઈષ્ટદેવની પૂજા કરવી

**ધન** રાશિમાં ચંદ્ર ઉપર શુક્ર-બુધનું ભ્રમણ તમોને આનંદમય દિવસ પસાર કરાવે. પત્ની સાથે નાના પ્રવાસનું આયોજન થઈ શકે છે.

**મકર** મકરને સૂર્ય - દસમે મંગળ-ચંદ્રની યુતિ તમારા વ્યવસાયિક જીવનમાં ઉન્નતિ લાવે તેવો યોગ છે. ઉપરી અધિકારીઓની કૃપા મળે. આકસ્મિક લાભ મળે.

**કુંભ** સાતમે રાહુ-ગુરુની યુતિ મૂંઝવણ વધારે. પત્ની તરફથી અસુખ મળે. વ્યગ્રતા વધારે - જાતજાતના વિચારો આવે. ભક્તિ કરવી.

**મીન** છઠ્ઠે રાહુ-આઠમે મંગળ હોઈ ન ધારેલા બનાવો બને જેના કારણે તમો દુ:ખી દુ:ખી થઈ જાઓ. કાલ સર્પયોગ ચાલે છે.



ગાંધીનગર શહેરમાં ઠેર ઠેર લગ્નોની મોસમ પુરબહારમાં શરૂ થવાની સાથે ફુલોની કિંમત પરણ તેટલી જ છે... પૂજા હોય કે શુભપ્રસંગ ફૂલોની હાલમાં ડિમાંડ જોરમાં છે.. દેશી ગુલાબના ફુલ ૧૫૦થી ૨૦૦ રૂપિયા કિલો છે જ્યારે ગલગોટાના ફુલ ૫૦ રૂપિયા કિલો તેમજ વેણીના સફેદ ફુલ ૧૦૦ રૂપિયા કિલો છે. અંગ્રેજી ફુલ ૨૫ રૂપિયે ૧ નંગ છે. વેણી ૨૫થી શરૂ થઈ ૧૫૦ સુધીમાં વેચાઈ રહી છે... (તસવીર : કશ્યપ નિમાવત)

## ૧૮.૯૮ લાખ યુનિટની ક્ષમતા સાથે ગુજરાત તમિળનાડુને વર્ષાંતે પાછળ છોડશે

અમદાવાદ, તા. ૩૧

૧૮.૯૮ લાખ યુનિટની ક્ષમતા સાથે વર્ષ ૨૦૧૬ના અંત સુધી ગુજરાત તમિળનાડુને પાછળ છોડી દે તેમ માનવામાં આવે છે. તે વખતે હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કૂટર ઈઇન્ડિયા લિમિટેડની બીજી એસેમ્બલી લાઈન પણ શરૂ થઈ જશે જે વિઠ્ઠલપુરમાં શરૂ કરવામાં આવનાર છે. સોસાયટી ઓફ ઈન્ડિયન ઓટો મોબાઈલ મેન્યુફેક્ચર્સના જણાવ્યા મુજબ તમિળનાડુ ૧૫ લાખ યુનિટની ક્ષમતા સાથે ત્રીજા સ્થાને છે.

## સેનીટેશન યોજના અંતર્ગત રાજ્યમાં માત્ર ૨૫.૩૮ ટકા જ કામગીરી થઈ

ગાંધીનગર, તા. ૩૧

રાજ્ય સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલી સેનીટેશન યોજના અંતર્ગત ૨૫.૩૮ ટકા જ કામગીરી થઈ હોવાનું જાણવા મળે છે.

ગ્રામ વિકાસ વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ તાજેતરમાં ઉચ્ચ અધિકારીઓની મળેલી એક બેઠકમાં ગ્રામ વિકાસ વિભાગ દ્વારા સેનીટેશન યોજના અંગે એક પ્રેઝન્ટેશન રજુ કરવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારની સેનીટેશન યોજનાની વિગતો રજુ કરવામાં આવી હતી. પ્રાપ્ત વિગતો મુજબ આ પ્રેઝન્ટેશનમાં એવું જણાવાયું હતું કે વર્ષ ૨૦૧૨માં તમામ નિવાસસ્થાનોના થયેલા બેઈઝ લાઈન સર્વે મુજબ ૩૩,૨૧,૦૪૭ જેટલા શૌચાલયો બનાવવાના થતા હતા. જે પૈકી માત્ર ૮,૪૩,૦૧૩ જેટલા જ શૌચાલયો પૂર્ણ કરવામાં આવ્યા છે. એટલે કે ૨૫.૩૮ ટકા કામગીરી કરવામાં આવી છે.

જ્યારે રાજ્યની કુલ ૧૪,૦૨૯ ગ્રામ પંચાયતો પૈકી ૩,૬૦૧ જેટલી ગ્રામ પંચાયતોના વિસ્તારના ૧૦૦ ટકા શૌચાલયોની સવલતો ઉપલબ્ધ હોવાનું આ પ્રેઝન્ટેશનમાં દર્શાવવામાં આવ્યું છે.

## અન્ન અધિકાર કાયદાનો રાજ્ય સરકારે અમલ ન કરતા ૫૪ ટકા લાભાર્થીઓ લાભથી વંચિત : કોંગ્રેસ

ગાંધીનગર, તા. ૩૧

અન્નનો અધિકાર અને પોષણના અધિકાર કેન્દ્રની કોંગ્રેસ સરકારે આપ્યો પણ ઈચ્છાશક્તિનો અભાવ ધરાવતી ગુજરાતની ભાજપ સરકારે અમલ ન કરીને ૫૪ ટકા લાભાર્થીઓના મોમાંથી અન્નનો કોળીયો ઝુડવી લીધાનો આક્ષેપ ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા મનીષ દોશીએ કર્યો હતો.

પ્રદેશ પ્રવક્તા મનીષ દોશીએ રાજ્ય સરકાર પર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે અન્ન સુરક્ષા અધિકાર હેઠળ ગ્રામ વિસ્તારના ૭૫ ટકા અને શહેરી વિસ્તારના ૫૦ ટકા એટલે કે દેશની કુલ વસ્તીના ૬૭લ ટકા નાગરીકોને લાભ થવાનો છે.

ગુજરાતમાં ૫૪ ટકા નાગરીકોને એટલે કે ૩ કરોડ કરતા વધુ નાગરીકોને લાભ મળી શકે. અન્ન સુરક્ષા અધિકાર હેઠળ પ્રાયોરીટી ફેમીલી અને નોન-પ્રાયોરીટી ફેમીલી નક્કી કરવાના છે. ગુજરાત સરકારે જાતિ આધારીત વસ્તી ગણતરી-૨૦૧૧ના રીપોર્ટને આધારે લઈને અન્ન સુરક્ષા કાયદો લાગુ કરવાનું વિચારી રહી છે.

તેમણે જણાવ્યું હતું કે હકીકતમાં અન્ન સુરક્ષા કાયદો-૨૦૧૩ લાગુ કરવા માટે ભઆજપ સરકારે ગંભીરતાથી કોઈ કામગીરી કરી નથી. અન્ન સુરક્ષા કાયદા હેઠળ ચોખા રૂ. ૩ પ્રતિ કિલો તેમજ ઘઉં રૂ. ૨ ના પ્રતિ કિલો અને બરછટ અનાજ રૂ. ૧ ના પ્રતિ કિલોએ આપવાની જોગવાઈ કરવામાં આવી છે. અન્ન સુરક્ષા અધિકાર કાયદો ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૩ના રોજ જાહેર થયા બાદ ૧૮૦ દિવસમાં જે તે રાજ્ય સરકારે લાગુ કરવાનો હતો.

વિકાસ મોડેલના દાવા કરનાર તત્કાલિન મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના સમયથી લઈને આજદિન સુધી સવા બે વર્ષ જેટલો સમય વીતી ગયો હોવા છતાં ભાજપ સરકાર વસ્તી ગણતરી-૨૦૧૧ના આંકડાઓ સાથે લાભાર્થી પરીવારોનું મેપીંગ કાર્યવાહી ચાલુ રાખવાના ગાણા ગાઈ રહી છે.


## ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા ચારેય શહેર-તાલુકામાં પ્રભારીઓની નિમણૂંક

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા વિવિધ તાલુકા-શહેર કોંગ્રેસના સંગઠનને જોમવંતુ અને અસરકારક બનાવવાના ઉમદા હેતુ સબબ તેમજ, ચેતનવંતુ, સક્રિય આગામી વિધાનસભાની ૨૦૧૭ આવનાર ચૂંટણી સંદર્ભે પક્ષના કાર્યક્રમો યોજવા તેમજ પ્રદેશ કક્ષાએથી અપાતા આદેશો કાર્યક્રમો અને સૂચનાઓનો ત્વરિત અને યોગ્ય અમલવારી કરવા જિલ્લાના ચારેય શહેર તાલુકામાં પ્રભારીઓની નિમણૂંક કરી છે તેવું જિલ્લા કોંગ્રેસની અખબારી યાદીમાં જણાવાયું છે.

### કયા વિસ્તારમાં કોણ પ્રભારી...

| નામ | વિસ્તાર |
|---|---|
| શ્રી યશવંતભાઈ અવચરભાઈ ચૌધરી (માણસા) | ગાંધીનગર તાલુકો |
| શ્રી જયંતીભાઈ જીભાઈદાસ પટેલ (કલોલ) | પેથાપુર શહેર |
| શ્રી જયદીપસિંહ ગણપતસિંહ ઠાકોર (ગાંધીનગર) | કલોલ તાલુકો |
| શ્રી જગદીશભાઈ મૂળજીભાઈ પરમાર (માણસા) | કલોલ શહેર |
| શ્રી યાકુબભાઈ હસનભાઈ મનસુરી (ગાંધીનગર) | દહેગામ તાલુકો |
| શ્રી અજીતસિંહ સુરેન્દ્રસિંહ રાઠોડ (કલોલ) | દહેગામ શહેર |
| શ્રી વખતસિંહ અમરસિંહ ચૌહાણ (દહેગામ) | માણસા તાલુકો |
| શ્રી પ્રતાપસિંહ લક્ષ્મણસિંહ ચાવડા (દહેગામ) | માણસા શહેર |



ભારત એ યુવાઓનો દેશ છે અને દેશની યુવાશક્તિ પોતે જ જ્યારે વ્યસનની બદીમાંથી મુક્ત થવાનો નિર્ધાર કરશે તો એક મજબૂત અને સક્ષમ રાષ્ટ્રનું નિર્માણ થતા કોઈ રોકી નહી શકે. વાવોલની સંકલ્પ રોયલ રેસિડેન્સીના યુવાનોએ પ્રેરણાત્મક પગલુ ભર્યું છે. યુવાનોએ એપાર્ટમેન્ટના સંકુલમાં ઠેર ઠેર વ્યસનમુક્તિ અંગે જાગૃતિ માટેના લખાણો પોતાના હાથેથી તૈયાર કરી લગાડ્યા છે. એટલુ જ નહી પરંતુ સાથે સાથે તેમાં સ્વચ્છતા જાળવવા અને પાણીનો બચાવ કરવા અંગેના સૂત્રોનો પણ સમાવેશ કરી લીધો છે.

## સામાન્ય સભા

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

થશે. મળતી વિગતો પ્રમાણે સાત સમિતિઓમાં અસંતુષ્ટ જૂથના સભ્યોને સ્થાન અપાશે. પંચાયતની આ સમિતિઓ નવા નિયમોને આધીન રચવામાં આવશે. શિક્ષણ, સામાજિક ન્યાય સમિતિ, કારોબારી સમિતિની મુદત અઢી વર્ષની રહેશે. જ્યારે અન્ય સમિતિઓની મુદત ૨ થી ૧ વર્ષની રહેશે.

ગાંધીનગર જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં સમિતિઓની રચના બાદ ૧૦ દિવસમાં ચેરમેનોની નિયુક્તીની કામગીરી પણ પૂર્ણ કરી દેવામાં આવશે તેમ કોંગ્રેસના અંતરંગ સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

સમિતિઓની રચનાને મુદ્દે કોંગ્રેસમાં જૂથબંધી તીવ્ર રીતે બહાર આવી હતી. અને તેને લઈ સામાન્યસભા મોકુફ કરી દેવાઈ હતી. જિલ્લા પંચાયતની તવારીખીમાં પહેલીવાર પ્રમુખે સભા મોકુફીની જાહેરાત કરતાં રાજકીય વિવાદ પણ થયો હતો. જોકે આ પછી પ્રદેશ નેતાગીરીએ સ્પષ્ટ ચેતવણી આપી હતી કે કોઈપણ તબક્કે કોઈપણ પ્રકારની ગેરશિસ્ત સાંખી લેવામાં આવશે નહિ. જે ઉલ્લેખનીય છે.

## સાથે સાથે...

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

● દોડ દરમિયાન સ્પર્ધકો મોબાઈલ ફોન પર વાતચીત કરતા વિશેષ નજરે પડ્યા હતા.

● મેરેથોન રૂટને નો-વ્હીકલ જાહેર કરવામાં આવ્યો હતો. પરંતુ દોડથી અજાણ વાહનચાલકો ટ્રાફિકમાં ફસાયા હતા. રૂટના માર્ગ પર ઠેર ઠેર ટ્રાફિક જામના દ્દશ્યો સર્જાયા હતા.

● ૨૧ કિ.મી.માં રૂટ પર પાયલોટીંગ હોવા છતાં અંધકારને કારણે થોડીવાર માટે સ્પર્ધકો અટવાયા હતા.

● દોડમાં એક સ્પર્ધકને પગના મસલ્સમાં તકલીફ થતા સારવાર કરાઈ હતી.

● રૂટ વ્યવસ્થા પર પોલીસ અને સ્વયંસેવકોની અદ્ભુત કામગીરી જોવા મળી હતી.

● સ્પર્ધકો માટે ચા-પાણી અને નાસ્તાની સુવિધા ઉપલબ્ધ કરાઈ હતી.

● હાફ મેરેથોનમાં શહેરના જાણીતા ડૉક્ટર્સ પણ જોડાયા હતા. જેમાં ડૉ. વિજય ઉપાધ્યાય, ડૉ. મહિપતસિંહ પરમાર, ડૉ. મુકુલ પંડિત, ડૉ. અસીમ શાહ, ડૉ. ચિરાગ જોષી, ડૉ. મહેન્દ્ર ગજ્જર, ડૉ. ગૌરાંગ થાનકી અને ડૉ. સોમપરાનો સમાવેશ થાય છે.

● શહેરના ઉદ્યોગક્ષેત્રે જાણીતા કમલ કિશોર જૈન, દિનેશ પટેલ, રાહુલ મહેતા પણ મેરેથોન દોડમાં ઉત્સાહભેર દોડ્યા હતા.

● નગરના જાણીતા સાહિત્યકાર પ્રજ્ઞાબેન પટેલ મેરેથોન દોડમાં જોડાયા હતા.

● શહેરના જાણીતા ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ કેતન મહેતા અને હિતેન્દ્ર ઉપાધ્યાયે મેરેથોનમાં દોડ લગાવી હતી. ગાંધીનગર શહેરની લોકલ ક્રાઈમ બ્રાંચના પી.આઈ. આશુતોષ પરમાર મેરેથોનમાં જોડાઈને દોડ લગાવી હતી.

● ગુજરાત પ્રવાસન નિગમના મેનેજીંગ ડિરેક્ટર શ્રીવાસ્તવ દોડવીર હોવાના નાતે પણ ઉત્સાહપૂર્વક સમગ્ર આયોજનમાં સક્રિય નેતૃત્વ કરતા હતા.

● શહેરની જાણીતી સંસ્થા લાયન્સ ક્લબની બહેનોએ તેમજ સમર્પણ ધ્યાનયોગના સભ્યો પણ મેરેથોનમાં જોડાયા હતા.

● મોર્નીંગ વૉક કરનારા પણ દોડથી પ્રભાવિત થયા હતા.

● મેરેથોનમાં જોડાયેલા યુવાનોમાં સેલ્ફીનો ક્રેઝ વિશેષ જોવા મળ્યો હતો.

● મેરેથોન કાર્યક્રમમાં ડી.જે. થરાના મ્યુઝીકના તાલે સ્પર્ધકો ઝુમી ઉઠ્યા હતા.

● રન ગાંધીનગર રન કાર્યક્રમનું સંચાલન આર.જે. દિવ્યા અને ઉર્વશીબેન રાજવીરે કર્યું હતું.

● ગાંધીનગરના રનર્સ ગ્રુપના ડૉ. ગુંજન જૈન, બી.કે. સતિષ, બ્રજેશકુમાર, કેયુર કાસ્લીવાલ, ડૉ. જીગ્નેશ રાજવીર, ઉર્મિલ વેદ, ડૉ. પ્રણવ જોષીપુરા અને સંજય થોરાતે દોડમાં સક્રિય યોગદાન આપ્યું હતું.

## અતીતની આજ

● **૪ પાનાનું ચાલુ...**

એમાં આપેલી અનુભવાઈ. એમની વાતને અનુસરવામાં આવી હોત તો સાક્ષરો સુધી સીમિત સાહિત્ય અધિવેશન 'ગામડિયાઓ' સુધી પહોંચ્યું હોત. મહારાષ્ટ્રમાં દલિત સાહિત્યના ચારેક દાયકાઓ પૂર્વેના ઉદ્ભવ પછી હવે ગુજરાતમાં દલિતો, શોષિતો અને વંચિતોનાં સર્જન કે એમની અભિવ્યક્તિને સ્વીકારવાનું વલણ શરૂ થયેલું અનુભવાય છે. જોકે હજી પણ ઉચ્ચભ્રૂ સુધી સાહિત્ય પ્રવૃત્તિ સીમિત રહી છે એટલું જ નહીં, ગુજરાતી સાહિત્ય પ્રવૃત્તિમાં સમાજકારણ અને રાજકારણ, બાળસાહિત્ય કે ગ્રામીણ સાહિત્ય, બળવાખોર અવાજને વ્યક્ત કરતું સાહિત્ય સંસ્થાગત સ્વીકૃતિની પરિધિમાંથી બહાર હોવાનું અનુભવાય છે. ગુજરાતી પ્રજાની પ્રકૃતિ મહદ્અંશે વડાપ્રધાન નરેન્દ્ર મોદી મુખ્યમંત્રી હતા ત્યારે જે શબ્દોમાં વ્યક્ત કરતા તેવી 'મારે શું?' અને 'મારું શું?' ની આસપાસની રહી છે. ગુજરાતી સાહિત્યના મંચ પરથી અલગ ભીલીસ્તાન, અલગ સૌરાષ્ટ્ર કે અલગ કચ્છ રાજ્યની ચળવળો વિશે કોઈ ભૂમિકા લેવાય કે ઠરાવ પસાર થાય એવું ભાગ્યે જ બને. સરકારને અનુકૂળ ભૂમિકા લેવામાં ગુજરાતી સાહિત્યકારો હોંશેહોંશે અગ્રક્રમે રહેવાનું પસંદ કરે છે. નર્મદા યોજનાને ગુજરાતની જીવાદોરી ગણાવવાના કોરસગાનમાં જોડાનારા સર્જકો નર્મદા યોજનાની કેનાલોનાં કામ નહીં થયાની વાતને ચીપિયાથી પણ પકડવાનું પસંદ કરતા નથી. કંઠીબંધ સાહિત્યકારોના અપવાદને બાદ કરતાં સાહિત્યિક સંગઠનો સાથે સંકળાયેલા ગુજરાતી સર્જકો સામે પૂર તરવાની ભૂમિકાનાં જોખમ વહોરતા નથી.

ગુજરાતી સાહિત્ય પરિષદની સ્થાપના ૧૯૦૫માં રણજિતરામ વાવાભાઈના પ્રયાસોથી થઈ અને સાક્ષરયુગના શિરોમણિ ગો.મા. ત્રિપાઠી અમદાવાદમાં મળેલા પ્રથમ અધિવેશનના પ્રમુખ રહ્યા. વર્ષ ૧૯૨૮થી '૫૫ સુધી સાહિત્ય પરિષદનું સુકાન કનૈયાલાલ મુનશીના હાથમાં રહ્યું. ૧૯૫૫માં ઉમાશંકર જોશી અને યશવંત શુક્લે નડિયાદમાં ક.મા. મુનશીના પ્રમુખપદવાળા અધિવેશનમાં 'પરિષદના લોકશાહી સ્વરૂપનો' આગ્રહ સેવ્યો. પરિષદને સમાંતર સંસ્થા રચાય અને ભાગલા પડે એવા સંજોગો ટાળવા મુનશી સંમત થયા. એ પછી ઉ.જો.યુગ આરંભાયો. અત્યારે રઘુવીરયુગ ચાલી રહ્યો છે. જોકે વચ્ચે થોડો વખત રઘુવીર સાહિત્ય પરિષદથી અળગા થયા કે નિષ્ક્રીય બન્યા એટલે બધું ઠપ થયું હતું. રઘુવીરના વિરોધીઓએ પણ કબૂલવું પડે છે કે ગુજરાતી સાહિત્ય પરિષદનું ચાલકબળ રઘુવીર જ છે. ક્યારેક રઘુવીર ઉ.જો.ની આંગળીએ પરિષદકારણમાં પ્રવીણ થયા હશે, પણ હવે ઉ.જો.પુત્રી સ્વાતિ જોશી અને નિરંજન ભગતે દિલ્હી-ગાંધીનગરનાં સત્તાકેન્દ્રોને પ્રતિકૂળ અવાજને વ્યક્ત કરતા વકતાઓ અમદાવાદને આંગણે આણવા માંડ્યા ત્યારથી ઉ.જો. પણ સાહિત્ય પરિષદવટે અનુભવાય છે.

ગાંધીજી ૧૯૩૬માં ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનના પ્રમુખપદે હતા ત્યારે અંગત રીતે પુત્ર હરિલાલના ધર્મપરિવર્તનના ઘટનાક્રમ તથા મિલમાલિકો-મજૂરોના વિવાદના સમાધાનમાં રમમાણ હતા. જોકે ગાંધીજીએ પરિષદના એ વેળાના મુનશીપ્રેરિત બિનલોકશાહી બંધારણ અંગે કહ્યું હતું : "હું ડેમોક્રેટ છું છતાં કહું છું કે આવી પરિષદો 'ડેમોક્રસી'ને ધોરણે ન જ ચાલી શકે... ચલાવવામાં આવે તો એ 'ડેમોક્રસી' નહીં પણ 'મોબોક્રસી' થાય." બંને વ્યાખ્યાનોમાં ગાંધીજી માટે કેન્દ્રમાં તો ગામઠી માણસ અને મહિલાઓ પ્રત્યે આદરભાવ હતો. "આપણે સાહિત્ય કોને માટે રચીશું? કસ્તૂરભાઈ એન્ડ કંપની માટે, કે અંબાલાલભાઈ માટે કે સર ચીનુભાઈ માટે? એમની પાસે તો પૈસા છે એટલે ગમે તેટલા સાહિત્યકારો રાખી શકે. ગમે તેટલાં પુસ્તકાલયો વસાવી શકે. પણ પેલા કોશિયાનું શું ?" "જીવંત સાહિત્ય ત્યાંના (ગામડિયા) લોકોને આપી શકશે." રવિશંકર રાવળનાં ચિત્રોને શહેરીઅર્થને બદલે ગામઠી અર્થમાં સાચી દષ્ટિએ જોવાનું ગાંધીજી પસંદ કરે છે. સ્વભાષામાં વિજ્ઞાન સહિતનાં બળૂકાં પુસ્તકો પ્રકાશિત કરવાની એમની મહેચ્છા અહીં વ્યકત થઈ છે. "ખરી રીતે બુદ્ધિના વિકાસને માટેનું ક્ષેત્ર જ ગામડું છે, નગર નહીં. હું તો તમને કહું છું કે તમે સ્ત્રી વિશે કલમ ઉઠાવો ત્યારે તમારી જનનીને તમારી આંખ આગળ રાખો." મહાત્મા ગાંધી શિષ્ટ સાહિત્યના અને પ્રજા સાથે અનુબંધ બાંધવાના આગ્રહી હતા: "ઉપનિષદો, કુરાન, બાઈબલમાં શું કશું મેલું વાંચવામાં આવે છે કે?... કહે છે કે અંગ્રેજી ભાષા પોણો ભાગ બાઈબલ અને પા ભાગ શેક્સપિયરની બનેલી છે. એ વિના અંગ્રેજી ક્યાં, અને કુરાન વિના અરબી ક્યાં, અને તુલસી વિના હિંદી ક્યાં? તમે શા સારુ એવું સાહિત્ય નથી આપતા? મેં જે આ કહ્યું છે તેની ઉપર વિચારજો, હજીયે વિચારજો, અને નિરર્થક લાગે તો એને ફગાવી દેજો."

ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનના પ્રમુખપદેથી ગાંધીજીએ કહેલી આ વાત કોઈપણ માપદંડથી કાંઈ નબળી તો ના જ કહેવાય.

## રાષ્ટ્રીય સેવા યોજનાના સ્વયં સેવકો દ્વારા રકતદાન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૩૧

ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય સાદરાના રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકોએ સીનીયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગર, સહયોગ મંડળ અને કેન્સર હોસ્પિટલ અમદાવાદના સંયુક્ત ઉપક્રમે રકતદાન શિબિરનું આયોજન સાદરા ખાતે કરવામાં આવ્યું હતું. જેના ઉદઘાટન પ્રસંગે મુખ્ય અતિથિના રૂપમાં પંચાયતી રાજ તાલીમ કેન્દ્રના આચાર્ય તેજસભાઈ ઠાકર, સીનીયર સિટિઝન કાઉન્સિલ ગાંધીનગરના આર.જે. શાહ, રસિકભાઈ ગાંધી, ભગુભાઈ પટેલ, મહાદેવ દેસાઈ શારીરિક શિક્ષણ મહાવિદ્યાલય સાદરાના સંયોજક પ્રો. જમનાદાસ સાવલિયા, કેન્સર હોસ્પિટલ અમદાવાદના ડૉ. સમીરભાઈ દલસાણીયા અને ગૌ સંવર્ધન કેન્દ્રના વડા રમેશભાઈ પટેલ હાજર રહ્યા હતા. સુતરની આંટીથી સ્વાગત હરેશ સિંઘવ, હરેશ જમોડ, કિશન મકવાણા, ગોબારૂ મકવાણા, ભરત નાવડીયા, સોહમ નાયર, આકાશ રામી, વિશાલ મકવાણા, મહુલ ડોંડા, બેચર ચૌહાણ અરવિંદ સરવૈયા અને સંજય વચકાણીએ કર્યું હતું.



આ કાર્યક્રમની આભારવિધિ ડૉ. ઉદાજી પરમારે કરી હતી.

રકતદાન શિબિરમાં કુલ ૬૨ બોટલ રકતદાન કરવામાં આવ્યું હતું. રકતદાન શિબિર દરમિયાન રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયંસેવકોએ ભરત નાવડીયા, અમિત સુરાણી અને સ્નેહલ રાઠોડ કેન્સર હોસ્પિટલ-અમદાવાદ સાથે રહી નોંધણી, અલ્પહાર વિતરણ અને અન્ય વિવિધ પ્રકારની જવાબદારી નિભાવી હતી.


**જાહેર સ્થાનિક નિવિદા**
**સને ૨૦૧૫-૧૬/૧૨**

ઉદ્યોગ ભવન સંકુલ, ગાંધીનગર ખાતે નીચે જણાવેલ બાબતે જગ્યાઓ ભાડા કરારથી એજન્સી નક્કી કરવા માટે રસ ધરાવતી એજન્સીઓ પાસેથી બંધ કવરમાં ભાડા અંગેના ભાવપત્રક મંગાવવામાં આવે છે. તા. ૧૭/૨/૨૦૧૬ના રોજ ૧૭-૩૦ કલાક સુધીમાં ટેન્ડર ભરીને 'સભ્ય સચિવ, ગુજરાત ઉદ્યોગ ભવન સોસાયટી', બ્લોક નં.૧૯, ગ્રાઉન્ડ ફ્લોર, ઉદ્યોગ ભવન, ગાંધીનગરને સ્પીડ પોસ્ટ / રજી. પો.એ.ડી. મારફત મોકલી આપવા જણાવવામાં આળે છે. હાથો-હાથ રૂબરૂમાં ટેન્ડર સ્વીકારવામાં આવશે નહીં તેની ખાસ નોંધ લેવા વિનંતી.

| ક્રમ | બ્લોક નં | માળ | એરીયા | અંદાજીત મુકરર માસિક ભાડુ રૂ. | બાનાની રકમ રૂ. | જે હેતુસર જગ્યા ભાડેથી આપવાની છે તેની વિગત |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ |
| ૧ | ૧-૨ | ૬ઠ્ઠો માળ | ૧૫.૬૦ ચો.મી. | ૩,૦૦૦/- | ૫૦૦૦/- | ફક્ત ટી સ્ટોલ માટે |
| ૨ | ૮ | ૨જો માળ | ૧૫.૬૦ ચો.મી. | ૩,૦૦૦/- | ૫૦૦૦/- | ફક્ત ટી સ્ટોલ માટે |
| ૩ | ૧૧-૧૨ | ૩જો માળ | ૧૫.૬૦ ચો.મી. | ૩,૦૦૦/- | ૫૦૦૦/- | ફક્ત ટી સ્ટોલ માટે |

નોંધ :- (૧) કોરા ટેન્ડર ફોર્મ કચેરી સમય દરમિયાન તા. ૨/૨/૨૦૧૬થી તા. ૧૬/૨/૨૦૧૬ના રોજ રૂ. ૫૦૦/- રોકડા ભર્યેથી મળી શકશે. (જાહેર રજાના દિવસે કામકાજ બંધ રહેશે.)
(૨) ભરેલ ટેન્ડરના દરેક પાના ઉપર એજન્સીએ સહી/સિક્કા કરીને બાનાની રકમ ઉપર કોલમ-૬માં જણાવ્યા અનુસાર લાગુ પડતી બાબત માટે ડિમાન્ડ ડ્રાફ્ટ તથા સાધનિક દસ્તાવેજી પુરાવા સાથે રજૂ કરવાના રહેશે.
(૩) અધુરી વિગતોવાળુ ટેન્ડર માન્ય ગણાશે નહીં.
(૪) તા. ૨૦/૨/૨૦૧૬ના રોજ ૧૧-૩૦ કલાકે ટેન્ડર ખોલવામાં આવશે.
(૫) જાહેર રજાના દિવસે ઓફીસ કામકાજ બંધ રહેશે.

સહી/-
સભ્ય સચિવ
ગુજરાત ઉદ્યોગ ભવન સોસાયટી, ગાંધીનગર

માહિતી/૨૪૪૫/૨૦૧૫-૧૬